# ગાંધીનગરના પેથાપુર ખાતે 'મલ્ટી-સ્પેશિયાલિટી' ગોએન્કા હોસ્પિટલ ખુલ્લી મુકાઈ




ગાંધીનગર

ગાંધીનગરના પેથાપૂર ખાતે ગોએન્કા મલ્ટી સ્પેશિયાલિસ્ટ હોસ્પિટલ શરૂ કરાઈ છે. આ ૧૦૦ પથારીની અલ્ટ્રા મોડર્ન હોસ્પિટલમાં હિલિંગ લાઈવ્ઝ સૂત્ર સાથે કામગીરી હાથ ધરાઈ છે. જે માત્ર આસપાસના વિસ્તારોને માત્ર તબિબી સુવિધા જ નહીં પરંતુ અન્ય માધ્યમો દ્વારા પણ રડી ઈકો અને કોમ્પ્યુટરાઈઝ્ડ એક્સ-રે, અલ્ટ્રાસાઉન્ડ અને ઈન હાઉસ લેબોરેટરી જેમ કે ઉચ્ચ કક્ષાના રક્ત પરીક્ષણ માટે પેથોલોજી, માઈક્રોબાયોલોજી, હિસ્ટોપેથોલોજી અને ઈમ્યુનોલોજીનો સમાવેશ થાય છે. ગોએન્કા હોસ્પિટલના અધ્યક્ષ શ્રી અપૂર્વ ગોએન્કાએ આ પ્રસંગે જણાવ્યું હતું કે ગોએન્કા હોસ્પિટલ હંમેશા સમાજને સમર્પિત રહીને કામગીરી આગળ વધારે છે. તેના દ્વારા નિયમિત રીતે દૂરના ગામોમાં તબિબી સુવિધાઓ પૂરી પાડવામાં આવે છે. મેડીકલ કેમ્પોમાં હોસ્પિટલના ડોક્ટરો દ્વારા મફત દવાઓ પણ ગરીબો અને જરૂરિયાતમંદ લોકોને આપવામાં છે જે ગાંધીનગરમાં પ્રથમ વખત શરૂ થયેલી સુવિધા છે.

જયારે ગોએન્કા હોસ્પિટલના ડીએમએસ ડો. દિવ્યેશ ગુપ્તાએ જણાવ્યું હતું કે હવે ગાંધીનગરના લોકો તેની આસપાસના ગામોના લોકોએ કોઈપણ સ્વાસ્થ્ય સમસ્યા માટે અમદાવાદ દોડવું નહીં પડે.

ગોએન્કા હોસ્પિટલમાં બે પ્રકારના આઈસીયુ છે, જેમાં એક મેડિકલ આઈસીયુ ૯ પથારી સાથે છે અને અન્ય સર્જીકલ આઈસીયુ છે જેમાં ૮ પથારી છે. આ બંને આઈસીસુયુમાં અત્યાધુનિક ઉપકરણો મૂકવામાં આવેલા છે અને તેમાં તમામ મેજર સર્જરી થઈ શકે છે. ગોએન્કા હોસ્પિટલના એક્ઝીક્યુટિવ ડિરેક્ટર શ્રી એન. કુમાર સ્વામીએ કહ્યું હતું કે અમારું ઈમરજન્સી ડિપાર્ટમેન્ટ ૪ કેઝ્યુલિટી પથારી પધરાવે છે. ૩૬૫ દિવસ તે કાર્યરત હોય છે. જેથી તાત્કાલિક સર્જરી વેળાએ સમયનો સહેજ પણ બગાડ થતો નથી.

સામાન્ય એમ્બ્યુલન્સ ઉપરાંત અહીં આઈસીયુ ઓન વ્હીસલ એબ્યુલન્સની પણ સુવિધા છે. જેથી કટોકટીપૂર્ણ સ્થિતિ ધરાવતા દર્દીને રાહત મળી શકે છે. આ ઉપરાંત એમ્બ્યુલન્સમાં રહેલ ડોક્ટર હોસ્પિટલમાં બેઠેલા ડોક્ટરનો સમયસર માહિતી આપી શકે છે. આ પ્રકારની સુવિધાઓ દ્વારા સમયસર કિંમતી જીવનને બચાવી શકાય છે.